નગરમાં ઠેર ઠેર ખુલ્લી ગટરો જોવા મળે છે, કયારેક ગંભીર અકસ્માત થશે પછી લોકો અને તંત્ર દોડશે ત્યારે કદાચ બહુ મોડું થઈ ગયું હશે. (તસવીર : કશ્યપ નિમાવત)

જેસીબી મશીન કેનાલમાંથી નીકળી ગયા પછી ડ્રાઈવર શેઠને મળવા આવી ગયો

ડ્રાઈવર બીકનો માર્યો બહારગામ ભાગી ગયો હતો અને કેનાલમાં તેની શોધખોળ ચાલતી હતી

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર નજીક લીબડીયા થી કરાઈ જતી કેનાલ પાસે કાચા રસ્તાની સાફસફાઈ દરમ્યાન જેસીબી મશીન અચાનક જ કેનાલમાં ખાબકી ગયું હતું. આ ઘટના બાદ તરવૈયાઓએ કેનાલમાં શોધખોળ હાથ ધરતા પાણીમાં ગરકાવ થયેલુંજેસીબી મશીન જોવા મળ્યું હતું. પાણીમાં પડેલું જેસીબી બહાર કાઢવા કેઈન મંગાવી ભારે જહેમત બાદ અંતે મહામહેનતે જેસીબી મશીન બહાર કાઢ્યુંહતું. એક તરફ ડ્રાઈવરની શોધખોળ ચાલતી હતી તો બીજી તરફ જેસીબી કેનાલમાંથી નીકળી ગયાના સમાચાર મળતા જ ડ્રાઈવર શેઠ જોડે આવી પહોંચ્યો હતો. શેઠને શું જવાબ આપશે તે ડરના માર્યા ડ્રાઈવર બહારગામ ભાગી ગયો હતો.

જીલ્લાની લીબડીયા કેનાલ પાસેથી પસાર થતા ઝાડીઝાંખરા વાળા કાચા રસ્તાની સફાઈ માટે એક જેસીબી મશીન કામે લાગ્યું હતું. પરંતુ આ કામગીરી દરમ્યાન અચાનક જ કોઈ રીતે જેસીબી મશીન કેનાલમાં ખાબક્યું હતું. આ ઘટના મામલે સિક્યુરીટીને જાણ થતા કેનાલમાં તરવૈયાઓની ટીમ શોધખોળ માટે કામે લગાડવામાં આવી હતી. આ દરમ્યાન કેનાલમાં ડૂબકી લગાવતા તરવૈયાઓને પાણીમાં ડે જેસીબી મશીન ગરકાવ થયું હોવાનું દેખાયું હતું. બીજી તરફ જેસીબી મશીનના ડ્રાઈવરની કોઈ ભાળ મળી ન હતી. આખરે સમગ્ર મામલા અંગે ડભોડા પોલીસને જાણ થતા પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસે કેનાલમાં ગરકાવ થયેલા જેસીબી મશીનને બહાર કાઢવા કેઈન મંગાવી હતી. મહામહેનતે જેસીબી મશીન કેનાલની બહાર નીકળ્યું હતું. બીજી તરફ ડ્રાઈવરનો પત્તો ન મળતા શોધખોળ ચાલી રહી હતી. આજે આ ગુમ ડ્રાઈવર તેના શેઠ પાસે આવી પહોંચ્યો હતો. શેઠ પૂછશે કે આખું જેસીબી કેનાલમાં કેવી રીતે પડી ગયું તો શું જવાબ આપીશ તે બીક ને લીધે તે બહારગામ ભાગી ગયો હતો.

નવચેતના કલબ આયોજીત સ્નેહમિલન રવિવારે યોજાશે

નવચેતના કલબ દ્વારા સરકારમાં ફરજ બજાવતા અનુસૂચિત જાતિના વર્તમાન-નિવૃત્ત અધિકારીઓ, પ્રબુદ્ધ નાગરિકો-મહિલાઓનું સ્નેહમિલન તા. ૮મી જુનના રોજ શ્રદ્ધા પાર્ટી પ્લોટ સેકટર-૨૫ કેમ્બે રિસોર્ટની સામે યોજાશે તેમ મહામંત્રી શ્રી નિમેષભાઈ વાઘેલાએ જણાવેલ છે.

ગાંધીના વિચારો સાથે ઉચ્ચ શિક્ષણ આપતી રાંધેજાની વિદ્યાપીઠ

ગાંધીનગર, તા. ૬

ગાંધીવિચાર દ્વારા સર્વાંગિણ ઘડતર કરતી ઉચ્ચ શિક્ષણની બુનિયાદી સંસ્થા ગાંધીનગર જિલ્લામાં રાંધેજા તથા સાદરા ખાતે આવેલી છે. જેમાં ગુજરાત વિદ્યાપીઠ દ્વારા ચલાવવામાં આવતા અભ્યાસક્રમોમાં ગાંધીવિચાર અને રચનાત્મક કાર્યક્રમો આધારિત શિક્ષણ પદ્ધતિ અને વિદ્યાર્થી ઘડતરની વિશેષ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. ઉપરાંત ભાષા વ્યવહાર, નેતૃત્વગીરી, માહિતી પ્રસાર, આયોજન ટેકનોલોજી અને ગ્રામીણ સમાજ માટે વિવિધ વિકાસ પરિયોજનાનું અમલીકરણ અને વ્યવસ્થાપન જેવા વિવિધ ગુણોની તાલીમ અપાય છે. ઉપરાંત રાંધેજા ખાતે મહાદેવ દેસાઈ ગ્રામ સેવા મહાવિદ્યાલય ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને જમનાલાલ બજાજ નિસર્ગોપચાર કેન્દ્ર આવેલ છે.

ગુજરાત રાજ્યના પાટનગર ગાંધીનગરથી તદ્દન નજીક રાંધેજા ગામમાં મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલયની સ્થાપના ઈ.સ. ૧૯૭૮માં તત્કાલિન પ્રધાનમંત્રી અને વિદ્યાપીઠના કુલપતિ શ્રી મોરારજી દેસાઈએ સ્ત્રીસશક્તિકરણના ભાગરૂપે ગામડાની બહેનો માટે ઉચ્ચશિક્ષણ, જીવનમૂલ્યો અને બુનિયાદી નઈ તાલીમ આપવાના ઉદ્દેશથી કરી. આ મહાવિદ્યાલયમાં ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ચલાવવામાં આવતાં અભ્યાસક્રમોમાં ગાંધી વિચાર અને રચનાત્મક કાર્યક્રમો આધારિત શિક્ષણ પદ્ધતિ, સમૂહજીવન, છાત્રાલય જીવન, ઉદ્યોગ શિક્ષણ સાથે સ્વાવલંબન, ઉપરાંત વિદ્યાર્થી ઘડતરની વિશેષ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની માર્ગદર્શિકા મુજબ વર્ષ: ૧૦ થી સેમેસ્ટર અને ક્રેડિટ પદ્ધતિ પ્રમાણે સમાજવિદ્યા વિશારદના અભ્યાસ કમમાં ભાષા : ગુજરાતી, હિન્દી, સામાજિક વિજ્ઞાન : ઈતિહાસ, સમાજશાસ્ત્ર, ગૃહવિજ્ઞાન, ગ્રામ અર્થશાસ્ત્ર, ગ્રામ વિકાસ મુખ્ય વિષય તરીકે ભણાવવામાં આવે છે. વિદ્યાપીઠના ધ્યેયો મુજબ વિદ્યાર્થીઓનું સર્વાંગિણ ઘડતર કરવાનો તથા વર્તમાન સમયમાં જરૂરી અને વ્યવહારિક જીવનમાં ઉપયોગી એવા આ અભ્યાસ કમમાં વિદ્યાર્થીઓને ભાષાવ્યવહાર, નેતૃત્વગીરી, માહિતી-પ્રસાર, આયોજન, ટેકનોલોજી અને ગ્રામીણ સમાજ માટે વિવિધ વિકાસ પરિયોજનાનું અમલીકરણ અને વ્યવસ્થાપન જેવા વિવિધ ગુણોની તાલીમ અપાય છે.

સંસ્થા પાસે પાયાની અદ્યતન સુવિધાઓમાં સુંદર પરિસર, જેમાં કોમ્પ્યુટર સેન્ટર, લેંગ્વેજ લેબ, વર્ગખંડ, કાર્યાલય, લાયબ્રેરી, વિવિધ આધુનિક સાધનોથી સજ્જ પ્રાર્થના ખંડ, ઉદ્યોગ ખંડ, ઓડિટોરિયમ, રમતગમત માટે ઈન્ડોર-આઉટડોર મેદાન વગેરે છે. આધુનિક કોમ્પ્યુટર લેબમાં વિવિધ સંસાધનો અને નેટવર્કિંગથી સજ્જ કોમ્પ્યુટર સેન્ટર છે, આ સેન્ટર વિદ્યાપીઠના ત્રણેય કેન્દ્રને જોડતુંઈન્ટરનેટ નેટવર્ક તથા ફાઈબર નેટવર્ક પરિસરના વિભાગો તેમજ છાત્રાલય સુધી ઈન્ટરનેટની સુવિધા ધરાવે છે.

ત્રણ વર્ષનો સ્નાતક અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદ પારંગત (એમ.એ.), ગ્રામ વ્યવસ્થાપન, સમાજકાર્ય, માનવ સંસાધન વિકાસ અને વ્યવસ્થાપન, કોમ્પ્યુટર, દૃશ્ય-શ્રાવ્ય નિર્માણ, પત્રકારત્વ, યોગવિદ્યા, બી.એડ્., બી.પી.એડ, એમ.પી.એડ. તેમજ અન્ય યુનિવર્સિટી વિવિધ અનુસ્નાતક અભ્યાસક્રમો માટેની તકો રહેલી છે. તથા વિદ્યાપીઠ ખાતે અનુસ્નાતક પછી અનુપારંગત અને વિદ્યાવાચસ્પતિના અભ્યાસ માટેની પણ તક ઉપલબ્ધ છે.

આ અભ્યાસક્રમ પૂર્ણ કરી વિદ્યાર્થીઓને વિવિધ ક્ષેત્રોમાં રોજગારીની તકો ઉભી થાય તે માટે સંસ્થા દ્વારા પ્રયત્નો કરવામાં આવે છે. આ અભ્યાક્રમ પૂરો કરતા વિદ્યાર્થીઓને સ્વેચ્છીક સંસ્થાઓ, અર્ધ સરકારી કે સરકારી સંસ્થાઓ, નાના ઉદ્યોગો કે સહકારી ક્ષેત્રની સંસ્થાઓમાં રોજગારીની તકો ઉભી થાય છે.

લાયોનેસ ક્લબ તથા બેંક ઑફ બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાન દ્વારા

નારી સંરક્ષણ ગૃહની બહેનો માટે ગૃહઉધોગ વર્કશૉપનું સફળ આયોજન

ગાંધીનગર, તા. ૬

'માતૃછાયા' - નારી સંરક્ષણ ગૃહ એ સેકટર-૧૨ માં આવેલી એક એવી સંસ્થા છે જ્યાં ત્રસ્ત બહેનોને આશ્રય, રક્ષણ, માનસિક સાંત્વના, તબીબી સારવાર અને પુનઃવસવાટ દ્વારા નવું જીવન બક્ષવામાં આવે છે. આશ્રય દરમ્યાન બહેનોને ભરતગુંથણ, સીવણ, અક્ષરજ્ઞાન તથા લઘુઉધોગ શીખવી સ્વાવલંબી બનાવવાના પૂરા પ્રયત્નો કરવામાં આવે છે.

લાયોનેસ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા આ સંસ્થાની બહેનોને આત્મનિર્ભર બનાવવાના પ્રયાસ રૂપે બેંક ઑફ બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાના સહયોગથી છ દિવસીય લઘુઉધોગના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. જેમાં આ સંસ્થા ના ટ્રેઈનર લાયોનેસ પ્રીતિ શર્માએ ફિનાઈલ-લીકવીડ સોપ, શેમ્પુ , મોઈસ્ચ્યુરાઈઝર, વેસેલીન, બામ, ટૂથ પાવડર તથા ઝુલાની ગુંથણી વગેરે બનાવવા માટેનું માર્ગદર્શન બહેનોને પૂરું પાડયું હતું. આ ઉપરાંત લાયોનેસ દક્ષા જાદવ તથા લાયોનેસ પ્રજ્ઞા ગજ્જરે સૌને કાચી કેરી, વરિયાળી તેમજ હર્બલ શરબત બનાવતા શીખવ્યું હતું. વર્કશોપ દરમ્યાન બેંક ઑફ બરોડાના શ્રીમતી મનિષાબેન ત્રિપાઠીએ બહેનોને જીવન ઉપયોગી સંદેશા આપતી સુંદર રમતો રમાડી હતી.

આ વર્કશૉપને સફળ બનાવવા માટે બરોડા સ્વરોજગાર વિકાસ સંસ્થાનના નિયામક શ્રી કે.સી. રાઓલ સાહેબ, અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘના પ્રમુખ શ્રીમતિ શર્મિષ્ઠાબેન દવે તથા નારીસંરક્ષણ ગૃહના ઈન્ચાર્જ દક્ષાબેન તથા ટીચર સંગીતાબેન ભટ્ટનો ખૂબજ સહયોગ પ્રાપ્ત થયો હતો.

આ વર્કશૉપ દરમ્યાન લાયોનેસ બહેનો પ્રીયા મનીક, મીનાક્ષી જયસિંઘાણી, વૈશાલી જોષી, રીટાબેન પટેલ, પ્રજ્ઞા ગજ્જર, દક્ષા જાદવ વગેરેએ બહેનોની સાથે રહીને પ્રોત્સાહન પુરૂ પાડ્યું હતું. વર્કશૉપના અંતે બેંક ઓફ બરોડા તરફથી સૌ બહેનોને સુંદર પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. વર્કશૉપની સફળતા માટે લાયોનેસ પ્રમુખ આરતી ભટ્ટે સૌનો ખૂબ આભાર માન્યો હતો.

વાવોલના હરિનગરથી ખ-રોડને જોડતો માર્ગ બનાવવા ગામના અગ્રણીની માંગ

વર્ષોથી બિસ્માર રસ્તાઓ રિસરફેસ કરાતા આભાર પણ માન્યો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરની સ્થાપનામાં જે ગામોનો ભોગ લેવાયો તે ગામોને હજુ પણ પાયાની સુવિધા પુરી પાડવામાં સરકાર વામણી પુરવાર થઈ છે. શહેરની બગલમાં વાવોલ આવેલુ હોવા છતાં તંત્ર દ્વારા સુવિધાઓથી વંચિત રાખવામાં આવ્યું છે. તેમ ગામના સામાજીક અગ્રણી મહમદભાઈ શેખે જણાવ્યું છે.

પાટનગરની પડખેના હજુએ કેટલાય ગામો છે. જેનો પુરેપુરો વિકાસ થયો નથી. ગુજરાત મોડલના બણગા ફુકતી સરકાર દ્વારા શહેરની બોર્ડર પરના વાવોલ ગામને સુવિધાથી વંચિત રાખવામાં આવ્યું છે. વાવોલમાં ૧૫ વર્ષ પહેલા નિર્માણ પામેલ હરિનગર સોસાયટીથી જંગલ વિસ્તારમાં થઈને કાચો રસ્તો ખ રોડને જોડલો હતો. જે રોડને નવેસરથી બનાવવા જણાવ્યું છે.

તેમણે તંત્રનો આભાર માનતા જણાવ્યું છે કે તંત્ર દ્વારા ગામોમાંથી પસાર થતા રોડને સંપૂર્ણ પણે રિસરફેસ કરવામાં આવ્યો છે. અને જેનું કામ ફક્ત ૨૦ટકા બાકી રાખવામાં આવ્યું છે. જે સત્વરે પૂર્ણ કરવા જણાવ્યું છે. તેમજ આ સંપૂર્ણ કામમાં સહયોગ આપનાર અધિકારીઓ અને ધારાસભ્યનો આભાર માન્યો છે.

ગાંધીનગર સાહિત્ય સભામાં ડૉ. કનૈયાલાલ ભટ્ટનું વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર સાહિત્ય સભાનાં ઉપક્રમે દર મહિનાના બીજા રવિવારે મળતી નિયમિત સભા ૮મી જુને નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર સમાજ ભવન સામે સાંજે ૬ વાગે મળશે.

દર વખતે વિવિધ ક્ષેત્રના ખ્યાતનામ ગઝલકાર, સાહિત્યકાર, વાર્તાકાર વગેરેને બોલાવી સાહિત્ય ગોષ્ઠીનું આયોજન થાય છે. આ વખતે ગુજરાત સાહિત્ય અકાદમીના પ્રકાશન અધિકારી અને જાણીતા સાહિત્યકાર ડૉ. કનૈયાલાલ ભટ્ટ 'ચિંતક' એમની સાહિત્યીક યાત્રાની ખટમીઠ્ઠી વર્ણવવાં ખાસ પધારવાનાં છે.

ડૉ. કનૈયાલાલ ભટ્ટ મલ્ટી ટેલેન્ટેડ પર્સનાલીટી છે તેઓ લેખક, કવિ, નાટયકાર, અભિનેતા, દિગ્દર્શક, વિવેચક છે. હાલમાં જ એમણે દોલત ભટ્ટની અતિ પ્રસિધ્ધ નવલકથા કેકેયીનું નાટય રૂપાંતર કર્યું છે. ગાંધીનગર સમાચારમાં આવતી એમની કટાર 'મોરપીંછના રંગ' વાંચકોને આકર્ષી રહી છે. એવા આ સર્જકની યાત્રાને માણવા સાહિત્ય સભના સભ્યો અને સાહિત્યમાં રૂચિ ધરાવતાં સૌને પધારવાં પ્રમુખ ભરત કવિએ આમંત્રણ પાઠવ્યું છે.

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા શિક્ષકોના તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ચાલતી શિક્ષક સહાય યોજના અંતર્ગત જિલ્લા પ્રા. શિક્ષક સંઘના સભાસદ શિક્ષક ભાઈ-બહેનોના તેજસ્વી સંતાનોનું સન્માન કરવામાં આવશે.

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ૭૦ ટકા તથા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૬૫ ટકા ગુણ પ્રાપ્ત કરનાર સભાસદ શિક્ષક ભાઈ-બહેનોના તેજસ્વી સંતાનોમાંથી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ પ્રાપ્ત કરનારને અનુક્રમે ૨૫ ગ્રામ, ૨૦ ગ્રામ અને ૧૫ ગ્રામ ચાંદીની મુદ્રાથી સન્માનિત કરવામાં આવનાર છે તેમજ નિયત ટકાવારીથી વધુ ગુણ મેળવનારને પ્રોત્સાહિત કરવાના હોઈ નિયત ફોર્મમાં ચાલુ વર્ષની માર્કશીટની પ્રમાણિત નકલ સાથે તાલુકા સંઘના પ્રમુખશ્રી/ મંત્રીશ્રીની ભલામણ સાથેની અરજી ૨૫મી જુન સુધીમાં તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખશ્રી/ મંત્રીશ્રીને પહોંચાડવાની રહેશે. નિયત ફોર્મ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના 'શિક્ષક ભવન' સેક્ટર-૧૨, ગાંધીનગરના કાર્યાલયેથી તેમજ તાલુકા સંઘના પ્રમુખશ્રી/મંત્રીશ્રી પાસેથી મળી રહેશે. સમય બાદ આવેલી અરજીઓ ધ્યાને લેવાશે નહી.

ઈન્ફોસીટી ક્લબ રીસોર્ટ ખાતે પર્યાવરણ દિન નિમિત્તે ૫ જુનના રોજ પ્રોગ્રેસીવ ફાઉન્ડેશન ઓફ હ્યુમન રાઈટ્સ આયોજીત એક સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોએ પર્યાવરણ અને ગ્લોબલ વોર્મીંગને લગતા પ્રવચનો આપ્યા હતા. તેમજ હાજર સૌને એક એક છોડ (રોપા) આપવામાં આવ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા યોજાયેલ બાલોત્સવ ૧૪માં રાજ્યના બાળકો મનમુકીને ઝુમ્યા

બાર દિવસીય બાલોત્સવમાં મોટાભાગના વિદ્યાર્થીઓએ પહેલીવાર ઘર છોડ્યુ

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેરમાં આવેલ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા બાલોત્સવ-૧૪નું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના ૨૪ જિલ્લામાંથી વિવિધ શાળાના બાળકોએ ભાગ લીધો હતો. બાર દિવસીય શિબિરમાં મન મુકીને બાળકો ઝુમ્યા હતા. ભણતરના ભારથી અને ઘરથી દૂર રહીને બાળકોએ પોતાની શક્તિઓ ખીલવી હતી. અંતિમ દિવસે બાળકોએ પોતાની કૃતિઓ, વિવિધ પોશાકોમાં સજ્જ થઈને ભજવી હતી.

રાજ્યના વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે રાજ્ય સરકાર દ્વારા ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીની સ્થાપના કરી છે. યુનિવર્સિટી દ્વારા પણ બાળકોમાં કચાસ ન રહે તે માટે ભરપુર મહેનત કરવામાં આવે છે. ત્યારે બાળકોમાં રહેલી કલા પ્રત્યેની શક્તિઓ બહાર આવે તે હેતુથી ગાંધીનગરમાં આવેલ કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં બાલોત્સવ-૧૪નું આયોજન કરવામાં આવ્યું હતું.

ગત તા. ૨૧ મે ના રોજ બાલોત્સવનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં ૨૪ જિલ્લામાંથી ૩૫૭ બાળકોએ ભાગ લીધો હતો અને આ બાળકોને રાજ્યના વિવિધ ક્ષેત્રના ૨૦ તજજ્ઞોએ કલાનું રસપાન કરાવ્યું હતું. બાર દિવસ ચાલેલી શિબિરમાં બાળકોની બે દિવસ અમદાવાદના કાંકરિયા વિસ્તાર અને ગાંધીનગરના અક્ષરધામ મંદિર અને પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાત કરાવી હતી.

અને છેલ્લા દિવસની મંગલ ક્ષણો આવી પહોંચી. સમાપન કાર્યક્રમમાં આ બાલ કલાસાધકોને પ્રોત્સાહિત કરવા મુંબઈથી કલાધરિત્રી શ્રીમતી સ્વરૂપબહેન રાવલ પધાર્યા હતા. સાથે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણના અગ્રસચિવ શ્રીમતી સંગીતા સિંઘ અને રમતગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ શ્રી ભાગ્યેશ જહા પણ ઉપસ્થિત હતા. બરાબર ૧૦ વાગ્યે દીપપ્રાગટ્ય થયું અને કાર્યક્રમ શરૂ થયો. ભરતનાટ્યમની કૃતિ-ગણેશવંદનાથી પ્રારંભ થયો અને પછી એક પછી એક કૃતિઓ દર્શકોનાં મન પર અનેરી છાપ છોડતી ગઈ. શાળાઓમાં ફિલ્મીધૂનોના આધારે થતા સાંસ્કૃતિક કાર્યક્રમોની તુલનામાં સંપૂર્ણ ભારતીય કલાવૈભવના આધારે ગોઠવાયેલા આ કાર્યક્રમો દર્શકોનાં અંતરમનમાં અત્યંત સાત્વિક આનંદની અનુભૂતિ કરાવતા રહ્યા.

ઉપસ્થિત વાલીઓ એમના સંતાનોને એક મોટા ભવ્ય સ્ટેજ પર કલાકૃતિઓ પ્રસ્તુત કરતાં જોઈને અપાર હર્ષ પામતા હતા. એમને આશ્ચર્ય એ વાતનું હતું કે એમનાં સંતાનોને ૧૨ દિવસ પહેલાં તો આવું કંઈ આવડતું ન હતું અને આજે જે પૂરા વિશ્વાસ અને ઉત્સાહ સાથે એક સિદ્ધહસ્ત કલાકારની જેમ કોઈ પણ પ્રકારની મંચભીતિ વિના કાર્યક્રમો રજુ કર્યા હતા.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૫
સૂર્યાસ્ત : ૭.૨૨

તાપમાન

મહત્તમ : ૪૩.૯ ડિ.સે.
લઘુત્તમ : ૩૦.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૨ ટકા ● સાંજે ૧૮ ટકા

મનોરંજન

સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
હોલીડે : ૨.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
હોલીડે : ૧૨.૩૦, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
હોલીડે : ૧.૩૦, ૫.૦૦, ૮.૧૫
: સ્ક્રીન-૪ :
હોલીડે : ૧૦.૦૦ (મોર્નિંગ)
સીટીલાઈટ્સ : ૧.૩૦
હીરોપંતી : ૧૦.૦૦
ફિલ્મીસ્તાન : ૪.૧૫, ૬.૪૫
: સ્ક્રીન-૫ :
હોલીડે : ૧૦.૦૦, ૫.૦૦, ૮.૧૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
એક્સ-મેન(૩-ડી, હિન્દી) : ૧૦.૧૫,૧.૧૫,૪.૧૫,૭.૧૫,૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
હીરોપંતી : ૯.૦૦, ૧૨.૦૦
કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ : ૩.૦૦, ૫.૩૦, ૧૦.૫૫
ગોડજીલા ૩-ડી (હિન્દી) : ૮.૦૦
: સ્ક્રીન-૩ :
કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ : ૧૦.૩૦
હીરોપંતી : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
સીટીલાઈટ્સ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હોલીડે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
હોલીડે : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
હોલીડે : ૧.૦૦, ૭.૦૦
હીરોપંતી : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

આપની આજ

મેષ : શુભ મંગળકાર્યોનો યોગ. લાભનો માર્ગ મોકળો બનતો જણાય. નોકરીમાં સહકર્મચારીઓ, મિત્રોનો સાથ- સહકારી મળી રહે. ધર્મમાં આસ્થા વધશે.અટવાયેલા કાર્યોનુંનિરાકરણ આવી શકે.

વૃષભ : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી. જીવનમાં વિવિધતા પૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે.

મિથુન : તમારી વ્યવહાર કુશળતાથી વેપારમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. નોકરીમાં પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. ઋણથી મુક્ત થઈ શકો છો. કાર્યક્ષેત્રમાં મિત્રોનો સાથ સહકાર મળી શખે છે. આર્થિક લાભની તક મળી શકે છે.

કર્ક : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાનો યોગ. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થશે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. ચિંતાથી મુક્તિ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે.

સિંહ : જીવનસાથી અને ભાગીદારોથી વિશેષ લાભ પ્રાપ્તિની સંભાવના છે. ધર્મ-આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતતનો યોગ. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે. કર્મક્ષેત્રમાં વિશેષ ભાગીદારી સંબંધી વિવાદ ઉભો થઈ શકે છે.

કન્યા : આવકનાં સ્ત્રોતોમાં ભાગ્યવર્ધક વૃદ્ધિ થઈ શકે છે. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ મળી શકે છે. ચિંતાઓમાંથી બહાર આવવાનો માર્ગ મળી શકે છે. કુંટુબમાં ઉભી થયેલી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે.

તુલા : સંચિત ધનમાં વૃદ્ધિ થશે. સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં પ્રતિષ્ઠામાં વધારો અપાવી શકે છે.

વૃશ્ચિક : સમસ્યાઓ પર વિશિષ્ટ ચિંતનનો યોગ. વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા છે. વિદ્યાર્થીવર્ગને દિવસ આનંદમય રીતે પસાર થશે.

ધન : કલાત્મકક્ષેત્રમાં શોધપૂર્ણ કાર્યો થઈ શકે છે. વેપાર ક્ષેત્રમાં થયેલ પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. અટકાયેલા નાણાં પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક જવાબદારીઓની ચિંતા હળવી બને. ધાર્મિક ક્ષેત્રે આસ્થા વધશે.

મકર : આર્થિક મહત્વનાં વિશેષ કાર્યો પૂર્ણ કરવામાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે. નોકરીમાં ઉપરવર્ગના અધિકારીઓ સાથે વાદવિવાદ ઉભો થતો હોય તેવી બાબતોથી દૂર રહેવું.

કુંભ : વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. ભૂમિ- સંપતિના સોદામાં લાભ થવાની સંભાવના છે.

મીન : નકામો તનાવ, મુશ્કેલીઓના ભારણ નીચે દબાતા હોવાનો અનુભવ થતો જણાય.અનુભવીનું માર્ગદર્શન લેવું. અથાગ પ્રયત્ન કરવા છતાં ઓછો લાભ મળી શકે.

ચિરવિદાય

- સ્વ. સરોજબેન રણસિંહ બિહોલા (ઉ.વ.૬૨) મુ.પો. પાલજ, તા.જી. ગાંધીનગર
- સ્વ. અરવિંદ ઉદાજી જાદવ (ઉ.વ.૬૧) મુ. ફીરોજપુરા, તા.જી. ગાંધીનગર.
- કાનાજી સોમાજી બજાણીયા (ઉ.વ.૬૫) ગામ-ઈટલા, તા. કલોલ, જી.ગાંધીનગર.
- સ્વ. કિર્તન હસમુખભાઈ નાવીક (ઉ.વ.૧૨) ૧૭૫, સર્વોદયનગર, સેક્ટર-૩૦, ગાંધીનગર